---

**અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબરઃ ૧ સમક્ષ.**

---

**સમરી નં.(ફર્સ્ટ) ૩૦૧/૨૦૧૦**

**આંકઃ-૧ લગત હુકમ....**

(૧). આ કામે ફરીયાદી મનોજભાઈ રમેશભાઈ જાતે ગાવડેનાઓએ તાઃ૨૧/૧/૨૦૧૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાંથી ફર્સ્ટ નં. ૩૦૧/૨૦૧૦ થી આપી ફરીયાદ નોધાવેલ કે, તારીખઃ ૯/૧૨/૨૦૧૦ ના રોજ રાત્રીના ૯.૦૦ વાગે મારી નોકરી પુરી કરી મારા ઘરે ગયેલો અને એકાદ કલાક રોકાઈ ૧૦.૦૦ વાગે મારા મિત્રનું મોટર સાયકલ નંબરઃ જીજે-૧-જેજી-૪૨૪૭ હીરો હોન્ડા પેશન પ્લસ લઈને મારા મોટા ભાઈ ચેતનભાઈ જે અનુપમ સિનેમા પાસે નોકરી કરી છે તેની પાસેથી તેના પગારના રુા. ૪,૦૦૦/- આપેલા જે ૫૦૦ ના દરની નોટો હતી તે મારા પેન્ટના ખીસ્સામાં મુકી ત્યાંથી ખોખરા ખાતે રહેતા તેના મિત્ર નિકુલ જગદીશભાઈ જોશીના ઘરે ગયેલો, ત્યાંથી બંને જણા મોટર સાયકલ ઉપર ફરતા ફરતા કાંકરીયા ખાતે આવેલા અને તે વખતે મારા મોટા ભાઈએ તેના મોબાઈલ નંઃ ૯૭૨૨૨૭૯૭૦૧ ઉપરથી મારા મોબાઈલ નં. ૯૯૮૦૧૩૭૪૩ ઉપર ફોન કરી કહેલ કે, કામ વહેલું પતી જાય તો તુ નાસ્તો ઘરે લેતો આવજે. જેથી કાંકરીયા તપાસ કરતા નાસ્તો મળેલ નહી જેથી દાણીલીમડા ચાર રસ્તા પાસે આવી લારીમાંથી ઈંડા ખીમાપાંવની ખરીદી કરી પરત ઘરે જવા નીકળેલો, ત્યારે મારો મિત્ર મોટર સાયકલ ચલાવતો હતો અને હું પાછળ બેઠેલો હતો, દાણીલીમડાથી બી.આર.ટી.એસ. નો રસ્તો છે તે તરફ મણીનગર તરફ જતા હતા ત્યારે રાત્રીના ૧.૦૦ વાગ્યાના સુમારે પાછળથી ડબલ સવારી બે બાઈકવાળા આવી અને અમારી મોટર સાયકલ રોકવાનું કહેતા અમે વધુ ઝડપે ચલાવી જતા હતા, તે વખતે સદરહું મોટર સાયકલમાં પાછળ બેઠેલ ઈસમે સ્ટીક જેવુ મને જમણા ખભા પર મારતા અમારુ મોટર સાયકલ નીચે પડી ગયેલ અને નિકુલ દોડીને નાસી ગયેલો. આ ચાર ચારે જણાએ મને પકડી, મારા ખીસ્સામાંથી અંદાજે રોકડ રકમ રુા.૭,૦૦૦/- તથા મારો મોબાઈલ જે સેમસંગ કંપનીનો ૩૩૧૦-મોડલનો, સીમ નંબરઃ ૯૯૯૮૦૧૩૭૪૩, કિંમત રુા.૨,૦૦૦/-

નો હતો તે મોબાઈલ તથા પૈસાની લૂંટીને ચારેય ઈસમો ભાગી ગયેલા, તેઓનો મોટર સાયકલનો નંબર જોતા જીજે–૧–એલકે–૭૫૪૮ તથા બીજી મોટર સાયકલનો નં. જીજે–૧–ઈપી–૩૫૪૦ ના હતા, તેઓ ચારેય ઈસમો ૨૦ થી ૨૫ વર્ષ ઉમંરની આશરાના હતા, તેમનું ઠામઠામ મને ખબર નથી, બનાવ બન્યા બાદ એકદમ નિકુલ આવી જઈ ૧૦૮ ને ફોન કરતા થોડીવારમાં એમ્બ્યુલન્સ વાન આવતા વાડીલાલ હોસ્પિટલ ખાતે લઈ જઈ સારવાર લીધેલ. સદર બાબતની ફરીયાદ અનુસંધાને આઈ.ઓ. એ તપાસ કરતા, તપાસના અંતે ફરીયાદીની ફરીયાદ મુજબનો બનાવ બનવા પામેલ ન હોવાનું અને ફરીયાદીએ આરોપીઓ સામે તદૃન બોગસ અને બનાવટી ફરીયાદ કરેલ હોવાનું જણાવી, સદર ફરીયાદ વિરુધ્ધ વર્ગ "બી" સમરી વીથ પ્રોસીકયુશન મંજુર કરવા માટે અરજ ગુજારેલ છે.

(૨). ઉપરોકત સમરી રીપોર્ટ નામદાર કોર્ટમાં રજુ થતા, તે બાબતે મૂળ ફરીયાદીને આ કોર્ટ ધ્વારા લેખીત નોટીસ કરવામાં આવેલ, જે લગત તેઓએ તેમના વિ.વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં ઉપસ્થિત થઈ અને આંક.૫ થી તેઓએ લેખીત જવાબ રજુ કરેલો છે જેમાં તેઓએ તપાસ કરનાર અમલદારે કોઈ પણ પ્રકારની તપાસ કરેલ નથી અને કેટલીક સંભવિત શરતચુકને ગેરવ્યાજબીપુર્વક મહત્વ આપી હાલની "બી" સમરી વીથ પ્રોસીકયુશન માંગેલ છે. ફરીયાદીએ તેમના જીવનમાં પ્રથમવાર ફરીયાદ કરવાની ફરજ પડેલ હોઈ, તેમ કરવા પાછળ તેમનો કોઈ પણ પ્રકારનો બદઈરાદો ન હતો. વળી બનાવમાં મોટર સાયકલ નંબર તેઓએ જોયા જાણ્યા વગર લખાવેલ હોય નંબર લખાવવામા કોઈ માનવીય ભુલ થઈ હોય તો તેને કોઈ સંજોગોમાં જાણીજોઈને તેમ કરેલ છે તેવુ કહી શકાય નહી, અને તપાસ કરનાર અમલદારે ખાત્રીપુર્વક તપાસ કરી હોતા તો સત્ય હકીકત હકીકત રેકર્ડ ઉપર આવી હોત, તેમ જણાવી તપાસ કરનાર અમલદારે માંગેલ "બી" સમરી વીથ પ્રોસીકયુશન રદૃ કરી, ફરીયાદીની તરફેણમાં યોગ્ય ઘટતો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩). ઉપરોકત તમામ હકીકતો, રજુ થયેલ તમામ પુરાવાઓ, સમરી રીપોર્ટ અને સાહેદોના નિવેદનો ધ્યાને લેતાં, આ કામે તપાસ કરનાર અમલદારે ફરીયાદીની ફરીયાદમાં જણાવ્યા મુજબ નિકુલ જગદીશભાઈ, ચેતનભાઈ રમેશભાઈ તેમજ જે બાઈક નંબર દર્શાવેલા છે તેના માલીકના નિવેદનો નોધેલ છે તેમજ અન્ય સાહેદોના નિવેદનો પણ નોધવામાં આવેલ છે. ફરીયાદીએ પણ પોતાનું નિવેદન લખાવેલ છે અને તેમાં ફરીયાદ હકીકત મુજબની હકીકતો જણાવેલી છે. ફરીયાદીની ફરીયાદ મુજબ તેના ભાઈ પાસેથી રુા.૪,૦૦૦/– તેઓએ લીધેલ, જયારે તેની ફરીયાદ હકીકત મુજબ રુા.૭,૦૦૦/– તેમના

ખીસ્સામાંથી લૂંટ કરી લઈ ગયેલાનો આક્ષેપ કરેલ છે તો બાકીના રુા.૩,૦૦૦/– બાબતેનો કોઈ જ પ્રકાશ પાડવામાં આવેલ નથી. ફરીયાદીની સાથે રહેલ અને બનાવ જેણે નજરે જોયેલ છે તે નિકુલભાઈ જગદીશભાઈ જોશીનાઓએ બાઈકનો કોઈ નંબર જોયેલ નથી, તેની હકીકત મુજબ ફરીયાદીએ જ નંબર જોયેલ છે. ફરીયાદીના ભાઈ ચેતનભાઈનું નિવેદન જોતા તેમના કથન મુજબ મનોજભાઈનો મારી ઉપર ફોન આવેલ કે દાણીલીમડા ખાતે કોઈ અજાણ્યા માણસોએ માર મારી પૈસા લૂંટી લીધેલ છે. આમ આ સાહેદાનું નિવેદન જોતા નિવેદનના પ્રથમ ફકરામા ફોન લૂંટી લીધેલ હોવાની હકીકત જણાવતા નથી અને મનોજભાઈનો ફોન આવેલ એટલે કે કયા નંબર ઉપરથી ફોન આવેલ – મનોજભાઈના ફોન ઉપરથી ફોન કરેલો કે અન્યના ફોન ઉપરથી ફોન કરેલો તેવી હકીકતને પ્રકાશ પાડેલ નથી. બી.આર.ટી.એસ.ના ફરજ પરના કર્મચારી શ્રી મણીભાઈ સોમાભાઈનું નિવેદન જોતા પણ આવા કોઈ બનાવને તેઓ સમર્થન આપતા નથી તેમજ અન્ય કોઈ આજુબાજુના સાહેદો પણ આવા બનાવને કોઈ પણ પ્રકારનું સમર્થન આપતા નથી. જે બાઈકોનો ઉપયોગ થયેલાનું આ કામના ફરીયાદી તેમની ફરીયાદમાં જણાવે છે તેવા ઈસમોના નિવેદનો પણ આ કામમા સામેલ રાખેલ છે. મહત્વની હકીકત એ છે કે ફરીયાદી જે મોબાઈલ ફોન ચોરાયેલાની (લૂંટાયેલા) ની વાત કરે છે તેની કોઈ ડીટેઈલ્સ વગેરે હકીકતો જોતા મોડી રાત સુધી તે ફોન ઉપરથી ફોન થયેલા છે અને તે જોતા ફરીયાદીની ફરીયાદ હકીકત સંપુર્ણપણે સાચી હોવાનું ઉપરોકત તમામ હકીકતોથી માની શકાય તેમ નથી. વળી ફરીયાદીએ મેડીકલ ઓફીસર સમક્ષ જે હીસ્ટ્રી લખાવેલ છે તેમાં કોઈ પણ જગ્યાએ તેમના પૈસાની ચોરી થયેલાનું અથવા તો કોઈ લૂંટ કરેલ હોય તેવી હકીકતા જણાવતા નથી. આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદીની ફરીયાદમાં કોઈ પણ પ્રકારનું તથ્ય હોવાનું ફલિત થતુ નથી. તે સંજોગોમાં માંગ્યા મુજબ 'બી' સમરી મંજુર કરવા પાત્ર જણાય છે. જો કે, પોલીસે "બી" સમરી વીથ પ્રોકયુશન મંજુર થવા માંગેલ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ ઈરાદાપુર્વક ખોટી રીતે આપવામાં આવેલ હોય અથવા તો કોઈ ગેરકાયદેસર લાભ મેળવવા માટે કરવામાં આવેલ હોય અથવા તો કોઈને જાણીબુજીને ખોટી રીતે હેરાન કરવાના ઈરાદે કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત સમરી રીપોર્ટ ઉપરથી ફલિત થતી નથી. તે સંજોગોમાં ફરીયાદી વિરુધ્ધ પ્રોસીકયુશન કરવા માટેનો ઉચિત કિસ્સો જણાતો ન હોય, "બી" સમરી વિધાઉટ પ્રોસીકયુશન મંજુર કરવાપાત્ર જણાતી હોઈ, ન્યાયના હીતમાં છેવટનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧). પોલીસ રીપોર્ટ અંશતઃ મંજુર કરવામા આવે છે અને ફરીયાદીની ફરીયાદ બાબતે "બી" સમરી વિધાઉટ પ્રોસીકયુશન મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ શ્રૃતલિપિમાં લખાવી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૮/૬/૨૦૧૯

(એમ.એ.મિરઝા) 28/6
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧, ઘી કાંટા, અમદાવાદ